# આસ્ક મેપના ફીચરથી ગૂગલ મેપનું કલેવર બદલાઈ ગયું



તમને ગૂગલ મેપની આ ખાસિયતો ખબર છે? તમે દરરોજ ગૂગલ મેપનો ઉપયોગ કરતાં હશો કે કદાચ મહિને બે-ચાર વખત મેપની સહાય લેતા હશો તો પણ તમે ગૂગલ મેપની અમુક બાબતો ક્યારેય જાણી નહીં હોય. એક મહિનામાં એવરેજ દુનિયાના 100 કરોડ લોકો ગૂગલ મેપનો ઉપયોગ કરે છે. ગૂગલ મેપના યુઝર્સ તો 200 કરોડથી વધારે છે. આટલા યુઝર્સ ધરાવતી ગૂગલ મેપ એ પ્રકારની એકમાત્ર એપ છે. 30 કરોડ લોકોએ મેપ વધારે સારી રીતે કામ કરી શકે તે માટે જગ્યાઓના ફોટો અપલોડ કર્યા છે.

આપણે સૌ ગૂગલ મેપનો દરરોજ ઉપયોગ કરીએ છીએ ત્યારે વિચારતા નથી તે દેશમાં બીજા કેટલા લોકો આપણી જેમ ગૂગલ મેપનો ઉપયોગ કરતા હશે. પાંચ કરોડ સ્થળો તો એકલા ભારતમાં દરરોજ શોધવામાં આવે છે. એ સ્થળોને જો કિલોમીટર પ્રમાણે તમે ગોઠવી તો 250 કિલોમીટરનો રસ્તો થઈ જાય. છે ને મજેદાર ફેક્ટ?

દરેક વયજૂથમાં ગૂગલ મેપ લોકપ્રિય છે. 25થી 35 વર્ષની વયના લોકો સૌથી વધુ 29 ટકા આ એપ વાપરે છે. 35થી 45ની વયજૂથના લોકો 23 ટકા આ મેપનો ઉપયોગ તેમના લોકેશન શોધવા માટે કરે છે. તેની સર્વિસ અંગ્રેજીમાં જ નથી ઉપલબ્ધ નથી. કંપની 74 ભાષાઓમાં સર્વિસ ઓફર કરે છે. રિઅલ ટાઈમ ટ્રાફિક બતાવવામાં ગૂગલ મેપને ટક્કર આપે તેવી એપ શોધવી મુશ્કેલ છે. એમ કહો તો ચાલે કે નેવિગેશનમાં ગૂગલ મેપની મોનોપોલી છે. 2005માં લોંચ થયેલી આ સર્વિસ થઈ હતી. મૂળભૂત રીતે આ સર્વિસ ગૂગલની નથી. લાર્સ અને જેન્સ રેસમ્યુસેન નામના બે ભાઈઓ અને તેમના બે સહયોગીઓ નામે સ્ટીફન અને નોએલ ગોર્ડને ડેસ્કટોપ પ્રોગ્રામના ભાગરૂપે આ સર્વિસ વિકસાવી હતી. 2004માં ગૂગલે તેમની કંપની ખરીદી લીધી હતી અને તેને વેબ એપ્લિકેશનનું એટલે કે આજે જેને આપણે એપ્સ કહીએ છીએ તેનું સ્વરૂપ આપ્યું હતું. આ ગૂગલ મેપમાં હવે ખૂબ જ મહત્ત્વનું અપડેટ આવ્યું છે. ગૂગલ મેપની સર્વિસ વધારે એઆઈ આધારિત બનશે. તેના કારણે યુઝર્સને લોકેશન શોધવામાં, રસ્તામાં જુદા જુદા લોકેશન ઓળખવામાં સરળતા વધશે. અત્યાર સુધી ગૂગલમાં ટાઈપ કરીને લોકેશન શોધી શકાતું હતું, પરંતુ થોડા સમય પહેલાં અમેરિકા અને

**આખા વિશ્વમાં ગૂગલ મેપના 200 કરોડ યુઝર્સ છે. આવા આ ગૂગલ મેપમાં 10 વર્ષ પછી બહુ જ ઉપયોગી ફેરફાર થયા છે. મેપમાં વોઈસ સર્ચની સુવિધા તો ઉમેરાઈ જ છે, સાથે સાથે પાર્કિંગ, એક્ઝિટ અને એન્ટ્રીની વિગતો પણ હવે તમને ગૂગલ મેપમાંથી મળી રહેશે**

ભારતના યુઝર્સ માટે બોલીને લોકેશન સર્ચ કરવાનું ફીચર પ્રાયોગિક ધોરણે ઉમેરાયું હતું. હવે એ તમામ યુઝર્સ માટે ઓપન કરી દેવાયું છે. ટાઈપ કરવાને બદલે બોલીને લોકેશન શોધવાનું જે ફીચર મર્યાદિત યુઝર્સ માટે એક્ટિવ હતું તેમાં એઆઈ ટૂલ ઉમેરાતા સરળતા વધશે. આસ્ક મેપ્સ નામનું ફીચર ઉમેરવાની સાથે સાથે ગૂગલે થ્રીડી મેપનું ફીચર ઉમેરીને તેમાં પણ એઆઈ ટૂલ જેમિનાઈ જોડી દીધું છે. ઈમર્સિવ નેવિગેશન નામના આ ટૂલથી રસ્તા અને ઈમારતોનો થ્રીડી મેપ જોવા મળશે. તેનાથી યુઝર્સ વધુ સારી રીતે નકશો ઓળખી શકશે. તે સિવાય હવે મેપ જ યુઝર્સને કોઈ ઈમારતમાં એન્ટ્રી અને પાર્કિંગની વિગતો આપી દેશે. કોઈ સ્થળે જઈ રહ્યાં હોઈએ અને ત્યાં પાર્કિંગ નહીં હોય તો ગૂગલ મેપ અગાઉથી જ યુઝર્સને કહી દેશે કે તમે જે સ્થળે જવાના છો ત્યાં પાર્કિંગની વ્યવસ્થા નથી. ગૂગલ મેપમાં એઆઈ ટૂલ ઉમેરાતા વધારે યુઝર્સ ફ્રેન્ડલી બનશે.

**ટેક-ટોક**

**★ આનંદ ગાંધી**

આસ્ક મેપ્સની ખાસિયત માત્ર એટલી નથી કે તમે એને લોકેશન પૂછો ને એ જવાબ આપે. તેની ખાસિયત એ પણ ખરી કે જેમિનાઈ ટૂલ્સ તેની સાથે જોડાવાના કારણે તમારે ઘરેથી ક્યાંક બહાર જવું હશે ને તમે એને પૂછશો કે કારથી જવું હિતાવહ છે કે બાઈકથી કે પછી પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરવો જોઈએ? તો ગૂગલ મેપ તમને ટ્રાફિક સહિતના ફેક્ટર્સ સૂચનો જણાવશે. તમે એને પૂછશો કે સરસ ધીમું સંગીત ચાલતું હોય એવું કોઈ કેફે 5 કિલોમીટરના અંતરે જણાવો, તો એ પણ તમને એ કહી દેશે.

છે ને જોરદાર ફીચર? તમે એનો ઉપયોગ શરૂ કર્યો કે નહીં? જો તમારા મેપમાં હજુ આસ્ક મેપ્સ ન દેખાતું હોય તો એપને અપડેટ કરી જુઓ. અપડેટ થતાંની સાથે જ ગૂગલ મેપનું કલેવર બદલાયેલું દેખાશે●

---

## જાતે મૌસમ ને જિન્હેં છોડ઼ દિયા હૈ તન્હા
## મુઝ મેં ઉન ટૂટતે પત્તોં કી ઝલક હૈ કિતની
## - ઝુબૈર રિઝવી



બદલાતી ઋતુએ જેને એકલો છોડી દીધો છે, મારામાં એ ટૂટતા પાંદડાંની ઝલક છે કેટલી. પાનખર પછી વસંત ઋતુ આવે છે. દરેક પાનખર પછી વસંત આવે છે. પરંતુ પાનખરમાં જે પર્ણને ડાળ પરથી ટૂટી ઝાડથી અલગ થવું પડે છે. એ પાંદડાંને ક્યારે પણ વસંતની કૂંપળનું સુખ મળતું નથી. એ સૂકા પાંદડાંના નસીબમાં તો કાયમ પાનખર લખાયેલી હોય છે. એ પાંદડાં એકલદોકલ પોતાના અસ્તિત્વને ઝૂરે છે. એ સૂકા પાંદડાં તેના લીલાછમ ભૂતકાળને યાદ કરે છે. પરંતુ બદલાતી મૌસમમાં એ હવે નેપથ્યમાં ધકેલાઈ ગયા છે. તેમના માટે હવે ભૂતકાળને વાગોળવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. આ સૂકા એકલા પડી ગયેલા પાંદડાંની ઝલક એકલા પડી ગયેલા કોઈ માણસ જેવી પણ લાગે. સમય સાથે એકલા થઈ જાઓ ત્યારે તમારી સામે પણ સૂકા પાંદડાં જેવી સ્થિતિ આવે. બદલાતી મૌસમ જેમ પાનખરને પાછળ ફરીને જોતી નથી. તેવું કોઈની સાથે પણ થઈ શકે છે. માણસ આખું જીવન વસંતની જેમ જીવી શકે નહીં. ક્યારેક પાનખરનો પણ અનુભવ કરવો પડે. ક્યારેક બદલાતી મૌસમમાં આપણે સૂકા પાંદડાંની જેમ ભૂતકાળને વાગોળતા રહી જઈએ. જીવનમાં સુખ અને દુ:ખ વસંત અને પાનખરની જેમ આવતા અને જતા રહે છે. કોઈ પ્રિયજન જયારે સાથ છોડી દે ત્યારે પણ આવી સ્થિતિનો સામનો કરવો પડે છે. કેટલાક લોકો મૌસમની જેમ બદલાતા રહે છે. કેટલાક લોકો ઋતુની જેમ બદલાતા નથી. એ પોતાનો સ્વભાવ છોડતા નથી. તેમના માટે પાનખર પણ વસંતના આગમન પહેલાનો પડાવ છે. જે સમયની સાથે વીતી જશે. પાનખરમાં સૂકા પાંદડાં જેમ એકલા પડી જવાની સ્થિતિમાં પણ ઘણાં લોકો પોતાનો મિજાજ બદલતા નથી. એ પાનખરના સૂકા પાંદડાં જેવી ઝલક પોતાનામાં હોવા છતાં લીલા પર્ણોની તાસીર જાળવી રાખે છે. એમના માટે જીવનની દરેક ક્ષણ એક દાખલો પુરી પાડનારી હોય છે.

**કેફિયત**

**★ હનીફ મહેરી**